# દિવ્યક્રાંતિ

DATE 30-08-2026 to 03-09-2026 ▸ Owner-Editor & Publisher: Jaydev K. Budhbhatti ✆ +91-9723162036 RNI Reg No. GujGuj/2013/56930










# શ્રી ક્રિષ્ના જન્માષ્ટમીઃ ભક્તિ, આનંદ અને ધર્મના અમર સંદેશનો પાવન પર્વ


(જુઓ પાનું - 3)
















FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE FOLD LINE





























નોંધ : આ ઈ-પેપર પર કોઈપણ મોબાઈલ નંબર પર ક્લિક કરવાથી સીધો જ કોલ કરી શકશો

# મોરબી સીરામીક ઉદ્યોગમાં પ્રાઈઝ વોરથી ખળભળાટ:પડતર ભાવે 125 કન્ટેનર ટાઈલ્સનો સોદો

મોરબી: ડોમેસ્ટિક તેમજ ઈન્ટરનેશનલ માર્કેટમાં મંદી વચ્ચે મોરબીના સીરામીક ઉદ્યોગમાં ભાવને લઈને નવી હરીફાઈ શરૂ થઈ છે. ગેસના વધેલા ભાવને કારણે મે-જૂન દરમિયાન ટાઈલ્સ અને સેનેટરીવેર્સના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો, પરંતુ માર્કેટમાં ડિમાન્ડ ઘટતા માત્ર બે-ત્રણ મહિનામાં જ ભાવવધારાની અસર ઓસરવા લાગી છે. ઉદ્યોગકારો પ્રોડક્શન સાયકલ જાળવી રાખવા અને ગ્રાહકોને સાચવવા માટે છાનેખૂણે ડિસ્કાઉન્ટ આપીને માલ વેચી રહ્યા હોવાની ચર્ચા વચ્ચે પડતર કિંમતને આરે એવા ભાવે આશરે 125 કન્ટેનર ટાઈલ્સનો મોટો સોદો થયાની ચર્ચાએ સીરામીક ઉદ્યોગમાં ખળભળાટ મચાવ્યો છે. મિડલ ઈસ્ટમાં તણાવ, રેડ સી ક્ષેત્રની અસ્થિરતા તેમજ રશિયા-યુક્રેન યુદ્ધ સહિતના આંતરરાષ્ટ્રીય પરિબળોની અસરથી એક્સપોર્ટ માર્કેટમાં ડિમાન્ડ ઘટી છે. બીજી તરફ ડોમેસ્ટિક માર્કેટમાં પણ મંદીનો માહોલ હોવાથી મોરબીના સીરામીક ઉદ્યોગકારો માટે ઉત્પાદન ચાલુ રાખવું અને માર્કેટમાં ગ્રાહકો જાળવી રાખવા પડકારરૂપ બન્યું છે. ગેસના ભાવમાં થયેલા મોટા વધારા બાદ મોરબી સીરામીક એસોસિએશન દ્વારા વોલ, ફ્લોર, GVT, PGVT સહિત ટાઈલ્સના વિવિધ સેગમેન્ટમાં મે-જૂન દરમિયાન બે તબક્કામાં ભાવવધારો અમલમાં મૂકવામાં આવ્યો હતો. સેનેટરીવેર્સ ઉત્પાદકોએ પણ ગેસના વધેલા ખર્ચને પગલે ભાવમાં વધારો કર્યો હતો. જોકે, માર્કેટમાં મંદી વધતા આ ભાવવધારો લાંબો સમય ટકી શક્યો નહીં અને ઉદ્યોગકારોએ ગ્રાહકોને જાળવવા માટે







ડિસ્કાઉન્ટનો માર્ગ અપનાવવાનું શરૂ કર્યું હોવાનું ઉદ્યોગ જગતમાં ચર્ચાઈ રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે મોરબીના એક મોટા ઉદ્યોગકાર દ્વારા આશરે રૂ.24.25ના પડતર ભાવે કહી શકાય તેવા ભાવમાં 125 જેટલા કન્ટેનર ટાઈલ્સનો સોદો કરવામાં આવ્યો હોવાની ચર્ચાએ ઉદ્યોગકારોનું ધ્યાન ખેંચ્યું છે. કોઈપણ ઉદ્યોગકાર કે ટ્રેડર પોતાની વ્યાપારી નીતિ મુજબ કોઈપણ ભાવે સોદો કરી શકે છે, પરંતુ એસોસિએશન દ્વારા નક્કી કરાયેલા ભાવ કરતાં પણ નીચા ભાવે મોટા જથ્થાનો સોદો થવાથી અન્ય ઉત્પાદકોમાં ચિંતા જોવા મળી રહી છે.


ઉદ્યોગકારોમાં એવી ચર્ચા છે કે જો મંદીના માહોલમાં આવા નીચા ભાવે મોટા સોદા થવા લાગે તો અન્ય ટ્રેડર્સ અને ખરીદદારો પણ આગામી સમયમાં સમાન અથવા વધુ નીચા ભાવની અપેક્ષા રાખી શકે છે. પરિણામે સમગ્ર સીરામીક માર્કેટમાં ભાવની સ્પર્ધા વધુ તીવ્ર બની શકે છે અને ઉદ્યોગકારોના માર્જિન પર પણ દબાણ વધી શકે છે. મહત્વનું છે કે જુલાઈ મહિનામાં મોરબીના સીરામીક ઉદ્યોગમાં એક જ પ્રકારના ઈંધણ માટે આશરે રૂ.69થી રૂ.89 સુધીના અલગ-અલગ ગેસ ભાવ અમલમાં આવ્યા હોવાનું ઉદ્યોગ સૂત્રો જણાવી રહ્યા છે. ગેસની કિંમતમાં રહેલા આ તફાવતને કારણે ઓછા ભાવે ગેસ મેળવનારા કેટલાક ઉદ્યોગકારો બજારમાં વધુ નીચા ભાવે માલ વેચવાની નીતિ અપનાવી રહ્યા હોવાની પણ ચર્ચા છે. હાલમાં સીરામીક ઉદ્યોગ માટે મુખ્ય પડકાર ઉત્પાદન ચાલુ રાખવા સાથે બજારમાં ભાવનું સંતુલન જાળવવાનો છે. એક તરફ ગેસ સહિતના ઉત્પાદન ખર્ચમાં વધારો છે, તો બીજી તરફ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ માર્કેટમાં માંગ નબળી હોવાથી ઉદ્યોગકારો વચ્ચે ભાવની સ્પર્ધા વધી રહી છે. આવા સંજોગોમાં મોટા જથ્થાના નીચા ભાવે થતા સોદાઓ ભવિષ્યમાં મોરબીના સીરામીક માર્કેટની ભાવવ્યવસ્થા અને ઉદ્યોગકારોના નફાકીય માર્જિન પર કેટલી અસર કરે છે તે જોવું મહત્વનું રહેશે.

# મોરબીના વિકાસને મળશે નવી દિશા: ડેવલપમેન્ટ પ્લાન-2047થી ટ્રાફિક અને શહેરી આયોજનમાં મોટો ફેરફાર

## 54 વર્ષ બાદ મોરબીને નવો વિકાસ પ્લાન મળવાની તૈયારી; 45 અને 60 મીટરના બે રિંગ રોડ સાથે 18થી 24 મીટરના આંતરિક માર્ગોનું આયોજન, રિયલ એસ્ટેટને પણ મળશે વેગ

મોરબી : રાજાશાહી વિરાસત અને સીરામિક ઉદ્યોગની વૈશ્વિક ઓળખ ધરાવતા મોરબી શહેરને હવે સુનિયોજિત શહેરી વિકાસની નવી દિશા મળવાની સંભાવના છે. વર્ષ 1972ના વિકાસ પ્લાન બાદ લાંબા સમયથી નવા આયોજનની રાહ જોતા મોરબી માટે મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-2047 જાહેર થતાં બિલ્ડરો, ડેવલપરો, આર્કિટેક્ટ્સ અને અગ્રણીઓમાં આશાવાદ જોવા મળી રહ્યો છે.મુસદ્દારૂપ વિકાસ યોજના અંગે આગામી બે મહિનામાં વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા બાદ તેના અમલીકરણની દિશામાં કાર્યવાહી થશે. નવા પ્લાનમાં માર્ગ વ્યવસ્થા, રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક અને લોજિસ્ટિક વિકાસ માટે અલગ-અલગ ઝોનનું આયોજન કરવામાં આવ્યું છે. નવા ડીપીઆરથી મોરબીના વિકાસને નવી ગતિ મળશે: સંતોષભાઈ શેરસીયા

મોરબી બિલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ સંતોષભાઈ શેરસીયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી મોરબીમાં વર્ષ 1972ના જૂના વિકાસ પ્લાનનો આધાર લેવાતો હતો. શહેરની વસ્તી અને વિસ્તાર વધવા છતાં જૂની યોજના યથાવત રહેતા શહેરી વિકાસમાં અનેક અડચણો ઊભી થઈ હતી. રવાપર, શનાળા, ત્રાજપર, વાવડી અને મહેન્દ્રનગર જેવા વિસ્તારોમાં પણ આયોજનબદ્ધ વિકાસના અભાવે બાંધકામ સંબંધિત મુશ્કેલીઓ સર્જાઈ હતી. નવા વિકાસ પ્લાનના અમલ બાદ જમીનના ઉપયોગ અને બાંધકામ અંગે વધુ સ્પષ્ટતા આવવાથી કાયદેસર મંજૂરી સાથે પ્રોજેક્ટો વિકસાવવાની પ્રક્રિયા સરળ બનશે તેવી આશા છે.




રિયલ એસ્ટેટ ક્ષેત્રને પણ મળશે વેગ: સંતોષભાઈ શેરસીયાના જણાવ્યા મુજબ વિકાસ યોજનાની મર્યાદાઓને કારણે અત્યાર સુધી મોરબીમાં મોટા લક્ઝુરિયસ હાઈરાઈઝ અને રેરા મંજૂર પ્રોજેક્ટોની સંખ્યા મર્યાદિત રહી હતી. નવા પ્લાનના અમલ બાદ કાયદેસર મંજૂરીવાળા પ્રોજેક્ટો વધવાની શક્યતા છે. તેના કારણે બિલ્ડરો અને ગ્રાહકો બંનેને લાભ મળી શકે છે. કાયદેસર મંજૂરી ધરાવતા પ્રોજેક્ટોને બેન્કિંગ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવામાં સરળતા રહેવાની શક્યતા હોવાથી રિયલ એસ્ટેટ બજારમાં પણ તેજી આવવાની આશા છે.

45 અને 60 મીટરના રિંગ રોડથી ટ્રાફિક સમસ્યા હલ થવાની આશા:

અગ્રણી બિલ્ડર હિતેષભાઈ રંગપરીયાએ જણાવ્યું હતું કે મોરબીની સૌથી મોટી સમસ્યાઓ પૈકીની એક ટ્રાફિક વ્યવસ્થા છે. નવા વિકાસ પ્લાનમાં 45 અને 60 મીટરના બે રિંગ રોડ તેમજ તેને જોડતા આંતરિક માર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગ વ્યવસ્થાથી શહેરના મુખ્ય રસ્તાઓ પરનું ટ્રાફિક ભારણ ઘટી શકે છે. સાથે જ નવા રિંગ રોડની આસપાસ વિકાસના નવા કેન્દ્રો ઊભા થવાથી મોરબીના વિસ્તરણને પણ નવી દિશા મળી શકે છે.

વિવિધ ઝોનથી આગામી 20 વર્ષના વિકાસનું આયોજન: મુસદ્દારૂપ વિકાસ યોજનામાં રહેણાંક ઝોન, ગામતળ, ઓલ્ડ સિટી ગામતળ, વાણિજ્ય ઝોન, ઔદ્યોગિક ઝોન, મિક્સ ઈન્ડસ્ટ્રિયલ ઝોન, ઈન્સ્ટિટ્યૂશનલ ઝોન, હાઈ એક્સેસ કોરિડોર, એગ્રિકલ્ચર, રિક્રિએશન, ગ્રીન બફર અને લોજિસ્ટિક ઝોનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઝોનિંગથી રહેણાંક, વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, મનોરંજન અને પરિવહન ક્ષેત્રના વિકાસને વધુ આયોજનબદ્ધ બનાવવામાં મદદ મળી શકે છે. જૂના શહેરના વિસ્તારોને ગામતળમાં જાળવવા માંગણી: આર્કિટેક્ટ અનિલભાઈ મીરાણીએ નવા વિકાસ પ્લાનને આવકારતા જણાવ્યું હતું કે શહેરના ભવિષ્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું આયોજન પ્રશંસનીય છે. જોકે, તેમણે શહેરના સીટી સર્વે વોર્ડ નંબર 1, 2, 3 અને 4 હેઠળ આવતા શક્તિ પ્લોટ, કાયાજી પ્લોટ જેવા જૂના વિસ્તારો અંગે સૂચન કર્યું છે.

તેમના જણાવ્યા મુજબ આ વિસ્તારોને રેસિડેન્શિયલ ઝોનને બદલે જૂના ગામતળ તરીકે જાળવવામાં આવે તો મધ્યમ અને ઉચ્ચ મધ્યમવર્ગના મિલકતધારકોને રાહત મળી શકે છે. આ મુદ્દે તેઓ વાંધા-સૂચનો દરમિયાન તંત્રનું ધ્યાન દોરશે. મહેન્દ્રનગરના રહેણાંક વિસ્તારો અંગે પણ ચિંતા: : બીજી તરફ મહેન્દ્રનગરના કેટલાક વિસ્તારોને ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં દર્શાવવામાં આવ્યા હોવાની ચર્ચા વચ્ચે ત્યાંના મિલકતધારકોમાં ચિંતા જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ કેટલાક વિસ્તારો અગાઉથી બિનખેતી થયેલા અને હાલમાં રહેણાંક વિસ્તાર તરીકે વિકસિત છે. અંતિમ વિકાસ યોજના જાહેર થાય તે પહેલાં આવા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તેવી સ્થાનિકોની અપેક્ષા છે. 54 વર્ષ જૂના આયોજનમાંથી હવે મોરબી ડેવલપમેન્ટ પ્લાન-2047ના વિઝન તરફ આગળ વધી રહ્યું છે. રિંગ રોડ, આંતરિક માર્ગો, ઝોનિંગ અને કાયદેસર બાંધકામને પ્રોત્સાહન મળવાથી આગામી વર્ષોમાં મોરબીના શહેરી માળખામાં મોટો બદલાવ જોવા મળી શકે છે.

# મોરબીમાં ખોખરા હનુમાન ધામ ખાતે ૩થી ૯ સપ્ટેમ્બર સુધી ભગવદ્ ગીતા કર્મયોગ કથા

## કથા સાથે યોગાહાર શિબિર અને તા.૪થી ૬ સપ્ટેમ્બર સુધી નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન



મોરબી : શ્રાવણ માસના પાવન અવસરે મોરબીના બેલા રોડ સ્થિત કનકેશ્વરી દેવી ગુરુ કેશવાનંદ બાપુ ટ્રસ્ટ સંચાલિત ખોખરા હનુમાનજી ધામ ખાતે ધાર્મિક અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા.૩થી ૯ સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સવારે ૯:૩૦થી બપોરે ૧૨:૩૦ કલાક સુધી મહામંડલેશ્વર ૧૦૦૮ કનકેશ્વરી દેવીજીના વ્યાસાસને તથા દાતા બિસારીયા પરિવારના સહયોગથી ભગવદ્ ગીતા કર્મયોગ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક કથા સાથે લોકો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહે તે હેતુથી દરરોજ સાંજે ૪થી ૬ કલાક સુધી યોગાહાર પર નિઃશુલ્ક શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ડો. ચૌહાણ અને ડો. રાજેશ પટેલ દ્વારા આરોગ્ય અને યોગ્ય આહાર અંગે સચોટ માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવશે.આ ઉપરાંત તા.૪, ૫ અને ૬ સપ્ટેમ્બરના રોજ વિશેષ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાશે. તા.૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે આંખના રોગો માટેના ટીપાં તેમજ હરસ-મસાની દવાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. તા.૫ સપ્ટેમ્બરના રોજ વિરમગામની શાલીગ્રામ હોસ્પિટલના નિષ્ણાત તબીબો ડો. તેજસ પટેલ અને ડો. કુણાલ શાહ દ્વારા હાડકાં, સાંધા, કમરના દુખાવા, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને થાઈરોઈડ સહિતના રોગો અંગે તબીબી સલાહ અને જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.તા.૬ સપ્ટેમ્બરના રોજ આયુર્વેદના નિષ્ણાત વૈદ્યો દ્વારા પથરી, મણકાના રોગો અને સ્નાયુના દુખાવા સહિતની સમસ્યાઓ માટે વિશેષ સારવાર આપવામાં આવશે. સાથે બાળરોગ નિદાન તથા એક્યુપ્રેશર પદ્ધતિથી સારવારની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.ધાર્મિક જ્ઞાન સાથે આરોગ્ય જાગૃતિ અને નિઃશુલ્ક તબીબી સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો લઈ શકે તે માટે આયોજકો દ્વારા સૌને આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીના નીચી માંડલ-હળવદના સરંભડા ગામે હેવી વીજ લાઈનમાંથી વાયર તૂટવા મામલે ખેડૂતોએ કરી લેખિતમાં પોલીસ ફરિયાદ



મોરબી તાલુકાનાં નીચી માંડલ અને હળવદ તાલુકાના સરંભડા ગામ પાસેથી પસાર થતી 220 કેવીની જેટકોની લાઈનમાંથી છેલ્લા દિવસમાં વીજ વાયર તૂટીને નીચે પડ્યા હતા જો કે, સદનસીબે ત્યારે ત્યાં નીચે કોઈ ન હોવાથી કોઈ જાનહાનિ થયેલ નથી પરંતુ બંને બનાવમાં કંપનીના જવાબદાર પ્રોજેક્ટ હેડ, ઈજનેર તેમજ લાઈન નિર્માણ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ રાખનારાઓની સામે લોકોના જાનમાલને જોખમમાં મૂકવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરવા માટે ખેડૂતો દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખીતમાં ફરિયાદ આપવામાં આવેલ છે.મોરબી જિલ્લાના હળવદ તાલુકાના સરંભડા ગામે થોડા દિવસો પહેલા ખેડૂતના ખેતરમાંથી પસાર થતી 220 કેવીની જેટકો કંપનીની વીજ લાઈનનો વાયર તૂટી પડ્યો હતો ત્યારે ખેતરમાં ખેડૂતના મજૂરો કામ પણ કરી રહ્યા હતા જો કે, કોઈ જાનહાનિ થયેલ ન હતી પરંતુ ખેડૂતે પોતાના ખેતરની અંદર મગફળીના પાકનું વાવેતર કર્યું હતું ત્યાં નુકશાન થયું છે.અને જુદાજુદા ખેડૂતોના ખેતરોમાં મૂકવામાં આવેલ ઈલેક્ટ્રીક મોટર, વીજ વાયર વિગેરે હેવી વીજ લાઈન તૂટી પાડવાના લીધે હેવી વીજ પ્રવાહ આવવાથી બળીને ખાખ થઈ ગયા છે જેથી કરીને ખેડૂત દિલીપભાઈ જેઠાભાઈ પંચોટિયા દ્વારા હળવદ તાલુકા પોલીસ સ્ટેશને લેખિતમાં ફરિયાદ આપવામાં આવેલ છે જયારે નીચી માંડલ ગામના નવલભાઈ નરભેરામભાઈ કુંડારિયાના ખેતરમાં પણ 220 કેવીની જેટકો કંપનીની વીજ લાઈનનો વાયર તૂટી પડ્યો હતો જેથી તેઓએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ આપેલ છે

જેમાં જણાવ્યુ છે કે, ખેતરમાં નાખેલી 220 કેવીની વીજ લાઈનનો વાયર અચાનક તૂટી પડ્યો હતો જેથી ખેતીના પાક અને ત્યાં ખેતી કામ માટે રાખવામા આવેલા વીજ ઉપકરણો બળી ગયેલ છે. આ બંને સ્થળે યોગ્ય રીતે મેન્ટેનન્સ કરવામાં આવ્યું નથી અને કોન્ટ્રાકટર દ્વારા વાપરવામાં આવેલ મટીરીયલ હલકી ગુણવત્તાનું હોવાનો આક્ષેપ પણ ખેડૂત દ્વારા કરવામાં આવેલ છે.અને લોકો તેમજ અબોલ પશુ પક્ષિણા જીવને જોખમમાં મૂકે તેવી ગંભીર બેદરકારી દાખવનારા કંપનીના જવાબદાર પ્રોજેક્ટ હેડ, ઈજનેર તેમજ લાઈન નિર્માણ અને મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ રાખનારાઓની સામે લોકોના જાનમાલને જોખમમાં મૂકવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધીને આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવેલ છે.

# હળવદમાં 12 વર્ષ જૂના વીજતાર વળતર પ્રશ્ને ખેડૂતોનો આક્રોશ, વીજ કંપની સામે કાર્યવાહીની માગ સાથે પોલીસ મથકે રજૂઆત



મોરબી: જિલ્લાના હળવદ તાલુકાના સરંભડા ગામના વાડી વિસ્તારમાં વીજ લાઈનના વળતરનો મુદ્દો ફરી એકવાર ગરમ બન્યો છે. છેલ્લા 12 વર્ષથી અટવાયેલા વળતર પ્રશ્ને રોષે ભરાયેલા ખેડૂતો મોટી સંખ્યામાં હળવદ પોલીસ મથકે પહોંચ્યા હતા. ખેડૂતોએ વીજ કંપનીની બેદરકારી અને અન્યાયી નીતિ સામે ભારે વિરોધ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી છે.

220 KV લાઈનથી ખેડૂતોને મોટા પાયે નુકસાનીનો આક્ષેપ : અંદાજે 12 વર્ષ પહેલાં હળવદના સરતાનપર વિસ્તારમાંથી પસાર થતી 220 KV વીજ લાઈન ખેતરોમાંથી નાખવામાં આવી હતી. આ વીજતાર અને થાંભલા ઊભા કરવાના કારણે ખેડૂતોને પોતાની કિંમતી જમીનમાં ખેતી કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે અને આર્થિક નુકસાની ભોગવવી પડી રહી છે. યોગ્ય વળતર આપવાના વચન છતાં 12 વર્ષ વીતી જવા છતાં વળતર ન મળતાં ખેડૂતોએ હળવદ પોલીસ મથકે વીજ કંપની સામે લેખિતમાં રજૂઆત સોંપી છે.જેતપર સત્યાગ્રહ છાવણીથી ખેડૂતોનું મળ્યું સમર્થન: આ આંદોલન અને રજૂઆતમાં સરંભડાના ખેડૂતોની સાથે જેતપર સત્યાગ્રહ છાવણીથી પણ અન્ય ખેડૂતો સમર્થનમાં આવી પહોંચ્યા હતા. ખેડૂત અગ્રણીઓએ ચીમકી આપી છે કે, જો વીજ કંપની દ્વારા ત્વરિત અને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે અને ખેડૂતોના પ્રશ્નનો કાયમી ઉકેલ નહીં લાવવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# રવાપરમાં શ્રી અક્ષર ક્લિનિક ખાતે વિઝિટિંગ ડર્મેટોલોજિસ્ટની સેવા ઉપલબ્ધ



મોરબીના રવાપર વિસ્તારમાં ત્વચા સંબંધિત સમસ્યાઓ માટે શ્રી અક્ષર ક્લિનિક ખાતે હવે વિઝિટિંગ ડર્મેટોલોજિસ્ટની સેવા ઉપલબ્ધ બની છે. ડૉ. ઉર્વી એસ. સુરાણી, BAMS (GAU) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ અહીં વિઝિટિંગ ડર્મેટોલોજિસ્ટ તરીકે સેવા આપશે. ક્લિનિક ખાતે ખીલ (Acne), ખંજવાળ તથા એલર્જી, દાદ-ખોપરીના રોગ, સોરાયસીસ, એક્ઝિમા, ચામડીના ચેપ, વાળ ખરવાની સમસ્યા, ત્વચાની સંભાળ તેમજ કોસ્મેટોલોજી સંબંધિત સલાહ સહિતની વિવિધ ત્વચા સમસ્યાઓ માટે સારવાર અને માર્ગદર્શન ઉપલબ્ધ રહેશે.

ડૉક્ટરની સેવા દરરોજ સાંજે ૬:30થી રાત્રે ૯:00 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે, જ્યારે રવિવારે ક્લિનિક બંધ રહેશે.

શ્રી અક્ષર ક્લિનિકનું સરનામું A - 103, 104, ગોલ્ડન એલિટા માર્કેટ, સાનિધ્ય પાર્ક, રવાપર, મોરબી ખાતે આવેલું છે. સારવાર માટે અગાઉથી એપોઈન્ટમેન્ટ બુક કરાવવા માટે ૬૬૯૩૮ ૨૧૭૨૧ નંબર પર સંપર્ક કરી શકાય છે.

# રાજપર ગામે ખેડૂતોની ખેતૂત સભા યોજાઈ: વીજપોલ મુદ્દે ખેડૂતોને જાગૃત કરાયા



મોરબી તાલુકાના રાજપર ગામે વીજ કંપનીઓ દ્વારા ઉભા કરવામાં આવતા વીજપોલના મુદ્દે ખેડૂતોની ખેતૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં ખેડૂતોના જમીન હક્કો, યોગ્ય વળતર અને વીજ કંપનીઓની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી ખેડૂતોને જાગૃત કરવામાં આવ્યા હતા.

ખેડૂતોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્ર હજુ સુધી મંજૂર કરવામાં આવ્યો નથી, જેના કારણે જમીનમાંથી પસાર થતી વીજ લાઈનો તથા વીજપોલના મામલે ખેડૂતોને યોગ્ય વળતર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે.સભામાં ખેડૂતોને પોતાની જમીનના યોગ્ય વળતર માટે એકજૂટ થઈને લડત આપવા આહ્વાન કરવામાં આવ્યું હતું. સાથે જ ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર અને સંબંધિત વીજ કંપનીઓ સમક્ષ મજબૂત રજૂઆત કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.

આ દરમિયાન હાર્દિક પટેલના નિવેદન સામે જેતપર આંદોલન સમિતિ મેદાને આવી હતી. સમિતિ દ્વારા હાર્દિક પટેલના નિવેદનને વખોડી કાઢી આકરા શબ્દોમાં જવાબ આપવામાં આવ્યો હતો. ખેડૂતોના હિત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરવામાં આવે અને ખેડૂતોના અધિકારો તથા યોગ્ય વળતર માટે લડત યથાવત રાખવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ખેડૂતોના હિતના પ્રશ્નોને લઈને આગામી દિવસોમાં પણ સંગઠિત રીતે રજૂઆતો અને આંદોલનાત્મક કાર્યક્રમો ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.

# મોરબીમાં ઉમિયા નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા 26-8-2026થી નિઃશુલ્ક ગરબા ક્લાસીસનો પ્રારંભ




બહેનો અને પરિવારોને સુરક્ષિત તથા પારિવારિક માહોલ મળી રહે તેવા આશયથી આયોજન: મોરબી: આગામી નવરાત્રી પર્વને ધ્યાનમાં રાખીને મોરબીમાં ઉમિયા નવરાત્રી મહોત્સવ સમિતિ-૨૦૨૯ દ્વારા બહેનો અને પરિવારો માટે નિઃશુલ્ક ગરબા ક્લાસીસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બહેનોને સુરક્ષિત, શિસ્તબદ્ધ અને પારિવારિક વાતાવરણમાં ગરબાની તાલીમ મળી રહે તે મુખ્ય હેતુ સાથે આ આયોજન કરવામાં આવ્યું છે.

ગત વર્ષે મોરબી પાટીદાર યુવા સંઘ દ્વારા કેટલાક ખાનગી દાંડિયા ક્લાસીસ સામે મુહિમ ચલાવવામાં આવી હતી. તેના અનુસંધાને આ વર્ષે બહેનો તેમજ પરિવારોને સુરક્ષિત અને પારિવારિક માહોલ મળી રહે તે માટે ઉમિયા નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે.

આ નિઃશુલ્ક ગરબા ક્લાસીસમાં માત્ર બહેનો અને ફેમિલી બેન્ચની વ્યવસ્થા કરવામાં આવી છે. બહેનો માટે સાંજે ૫થી ૭ વાગ્યા સુધીનો સમય રાખવામાં આવ્યો છે, જ્યારે ફેમિલી બેન્ચ માટે રાત્રે ૯થી ૧૧ વાગ્યા સુધીનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. ખાસ કરીને બહેનો માટેના ક્લાસીસમાં માત્ર બહેનો દ્વારા જ ગરબાની તાલીમ આપવામાં આવશે. જ્યારે ફેમિલી બેન્ચમાં પણ બહેનોને બહેનો અને ભાઈઓને ભાઈઓ દ્વારા જ તાલીમ આપવામાં આવશે. આ વ્યવસ્થાના કારણે બહેનો અને પરિવારજનોને અનુકૂળ, શિસ્તબદ્ધ અને સુરક્ષિત વાતાવરણ મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નિઃશુલ્ક ગરબા ક્લાસીસનો પ્રારંભ તા.૨૬ના રોજ રાત્રે ૯ કલાકે કરવામાં આવ્યો છે. મોરબીના જે ખેલૈયાઓ તથા પરિવારો આ નિઃશુલ્ક ગરબા તાલીમમાં જોડાવા ઈચ્છતા હોય તેઓ એરોબિક્સ ગ્રાઉન્ડ, એસ.પી. રોડ, સરદાર આર્કેડ પાછળ, મોરબી-૧ ખાતે પહોંચી શકશે. ઉમિયા નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા મોરબીના ખેલૈયાઓ, બહેનો અને પરિવારોને આ નિઃશુલ્ક ગરબા ક્લાસીસનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી જીલ્લામાં ખાનગી વીજ કંપની પાસેથી વળતર માટે કલેક્ટરની અધ્યક્ષતામાં MRC દ્વારા વધુ 4 ગામના ભાવ નક્કી કરાયા




મોરબી: મોરબી જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત ખેડૂતોને સરકારના તા.04/07/2026ના ઠરાવ મુજબ પારદર્શક અને ન્યાયી વળતર મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરેની અધ્યક્ષતામાં માર્કેટ રેટ કમિટીની બેઠક યોજાઈ હતી.

જે બેઠકમાં કમિટી દ્વારા વાંકાનેર તાલુકાના હોલમઢ ગામના 15, ઘીયાવડના 6, હળવદ તાલુકાના રાણેકપરના 2 તથા માળીયા મિયાણા તાલુકાના વીરવદરકાના 2 મળી કુલ 25 સર્વે નંબરો માટે નવા દરો નક્કી કરવામાં આવ્યા હતા.

સરકારની જોગવાઈ મુજબ ત્રણ મૂલ્યાંકનકારો પાસેથી બંધ કવરમાં ભાવ મેળવવામાં આવ્યા હતા અને ખેડૂત પ્રતિનિધિઓની હાજરીમાં લોટરી પદ્ધતિથી બે કવર પસંદ કરી ભાવ નક્કી કરવામાં આવ્યા.

25 પૈકી 22 સર્વે નંબરોમાં બંને ભાવ વચ્ચે 20 ટકાથી ઓછો તફાવત હોવાથી સરેરાશ ભાવ ગણવામાં આવ્યો હતો, જ્યારે હોલમઢના 2 અને ઘીયાવડના 1 સર્વે નંબરમાં 20 ટકાથી વધુ તફાવત હોવાથી નિયમ મુજબ ઓછા ભાવમાં 10 ટકાનો ઉમેરો કરી દર નક્કી કરવામાં આવ્યો હતો, જેને સંબંધિત ખેડૂત પ્રતિનિધિઓએ માન્ય રાખ્યો હતો. અગાઉ DLVC મુજબ ચારેય ગામોના સંબંધિત સર્વે નંબરો માટે એક વીઘાની કિંમત રૂ. 13.50 લાખ હતી. નવી M R C પ્રક્રિયા બાદ રાણેકપરના કેટલાક સર્વે નંબરોમાં આશરે રૂ. 69 લાખ જે 5 ગણાથી વધુ, ઘીયાવડમાં આશરે રૂ.

55 લાખ જે 4 ગણાથી વધુ, હોલમઢમાં આશરે રૂ. 49.50 લાખ જે 3.5થી 4 ગણાં અને વીરવદરકામાં આશરે રૂ. 25 લાખ લગભગ બમણાં સુધીના ભાવ મળવાપાત્ર થયા છે. માર્કેટ રેટ કમિટીના અધ્યક્ષસ્થાનેથી કલેક્ટરશ્રીએ ટ્રાન્સમિશન કંપનીઓને કમિટી દ્વારા નક્કી થયેલ વળતરની 100 ટકા રકમ અસરગ્રસ્ત ખેડૂતોને સાત દિવસમાં ચૂકવવા જણાવ્યું હતું. સાથે જ જિલ્લાના અન્ય અસરગ્રસ્ત ખેડૂતોને પણ સરકારશ્રીની નવી જોગવાઈ મુજબ માર્કેટ રેટ કમિટી સમક્ષ ભાવ નિર્ધારણની પ્રક્રિયામાં પોતાના પ્રતિનિધિની નિમણૂક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં ડીડીઓ વિદ્યાસાગર, આરએસી એસ. જે. ખાચર, ટ્રાન્સમિશન કંપનીઓના અધિકારીઓ, જમીન મૂલ્યાંકનકારો તથા ખેડૂતોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જ્યાં સુધી ખેડૂતોના હક્કો અને ન્યાયિક માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, ત્યાં સુધી ખેડૂતોના સમર્થનમાં દિવ્યક્રાંતિ ન્યૂઝ આ કાળો પટ્ટો પ્રકાશિત કરતું રહેશે.**

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-3, Issue-135, Year-9 Price Rs. 3.00, M. 097231 62036

# MRCના બજાર ભાવ સામે ખેડૂતોનો સવાલ: વીજ પોલ-તાર માટે જમીનની ઘટતી કિંમતનું વળતર કોણ આપશે?

## વીજ પોલ-હાઈટેન્શન લાઈનથી માત્ર જમીન નહીં, બજાર કિંમતને પણ અસર: ખેડૂતોનું વળતર અંગે તંત્ર સામે સવાલ

મોરબી જિલ્લાના જેતપર સહિતના વીજ પોલ અને હાઈટેન્શન લાઈનથી અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા જમીનના વળતર અંગે હવે વધુ એક મહત્વનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે ખેતરમાં વીજ પોલ ઊભો કરવામાં આવે અથવા હાઈટેન્શન લાઈન પસાર થાય ત્યારે માત્ર પોલ ઊભો થયેલી જમીન પૂરતું જ નુકસાન થતું નથી, પરંતુ તેની આસપાસની તથા લાઈન નીચે આવતી બાકીની જમીનની બજાર કિંમત પર પણ અસર પડે છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ, સામાન્ય સ્થિતિમાં જે જમીન ઊંચા બજાર ભાવે વેચાઈ શકે છે, તે જ જમીન ખેતરમાં વીજ પોલ અથવા હાઈટેન્શન લાઈન આવ્યા બાદ ખરીદદારો માટે ઓછી આકર્ષક બની શકે છે. વીજ લાઈનની હાજરીને કારણે ખેતીની કામગીરી, બાંધકામની શક્યતા, જમીનના ભવિષ્યના ઉપયોગ તથા પુનઃવેચાણની કિંમત પર અસર થવાની ખેડૂતોની દલીલ છે.

આથી ખેડૂતોનો સવાલ માત્ર પોલ ઊભો થયેલી જમીનના વળતર પૂરતો મર્યાદિત નથી. MRC (Market Rate Committee) દ્વારા વળતર નક્કી કરતી વખતે જમીનનો પ્રવર્તમાન બજાર ભાવ ધ્યાનમાં લેવામાં આવે છે, તો વીજ પોલ અને હાઈટેન્શન લાઈનના કારણે બાકી રહેલી જમીનની બજાર કિંમતમાં જો ઘટાડો થતો હોય તો તે ઘટાડાને પણ વળતર નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવો જોઈએ તેવી ખેડૂતોની માંગ છે.

ખેડૂતોનો મુખ્ય પ્રશ્ન એ છે કે જો વીજ લાઈનના કારણે આખા ખેતરની જમીનનો બજારભાવ અસરગ્રસ્ત થતો હોય, તો માત્ર




## MRCના બજારભાવ સાથે જમીનની ઘટતી કિંમતનો પણ હિસાબ થાય તેવી અસરગ્રસ્ત ખેડૂતોની માંગ

પોલ અથવા લાઈનના સીધા અસરગ્રસ્ત વિસ્તારનું વળતર આપવાથી વાસ્તવિક નુકસાનની ભરપાઈ કેવી રીતે થશે? જમીનની કુલ કિંમતમાં થતી સંભવિત ઘટાડાની ગણતરી કોણ કરશે અને તે ઘટાડાનું વળતર કયા ધોરણે નક્કી થશે તે અંગે ખેડૂતો સ્પષ્ટતા માગી રહ્યા છે.

ખેડૂતોનું કહેવું છે કે જમીનનું વળતર નક્કી કરતી વખતે માત્ર કાગળ પરનો વિસ્તાર કે પોલના પગથિયાં જેટલો વિસ્તાર જોવાને બદલે જમીનના વાસ્તવિક બજાર મૂલ્ય પર પડતી અસરનું મૂલ્યાંકન થવું જરૂરી છે. ખાસ કરીને હાઈટેન્શન લાઈન પસાર થતી જમીનમાં ભવિષ્યમાં જમીનનો ઉપયોગ અને વેચાણક્ષમતા ઘટતી હોય તો તેની નાણાકીય અસર પણ જમીનમાલિકના નુકસાનનો જ એક ભાગ ગણાય છે.

આ મુદ્દે ખેડૂતો દ્વારા એવી માંગ ઉઠાવવામાં આવી રહી છે કે અસરગ્રસ્ત જમીનના વળતરનું મૂલ્યાંકન પારદર્શક રીતે કરવામાં આવે અને M R C ના બજારભાવ સાથે વીજ પોલ તથા હાઈટેન્શન લાઈનના કારણે બાકી રહેલી જમીનની કિંમતમાં થતી અસરનો પણ વૈજ્ઞાનિક અને વાસ્તવિક અભ્યાસ કરવામાં આવે.

હવે જોવાનું એ રહેશે કે સંબંધિત તંત્ર અને વળતર નક્કી કરતી સત્તાઓ ખેડૂતો દ્વારા ઉઠાવવામાં આવેલા આ સવાલને કેવી રીતે ધ્યાનમાં લે છે. જમીનના બજારભાવમાં થતી સંભવિત ઘટાડાની ગણતરી અને તેના વળતર અંગે સ્પષ્ટ માપદંડ નક્કી થાય છે કે નહીં, તે બાબત જેતપર સહિતના અસરગ્રસ્ત ખેડૂતો માટે મહત્વપૂર્ણ બની છે.

**જ્યાં સુધી ખેડૂતોના હક્કો અને ન્યાયિક માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, ત્યાં સુધી ખેડૂતોના સમર્થનમાં દિવ્યક્રાંતિ ન્યૂઝ આ કાળો પટ્ટો પ્રકાશિત કરતું રહેશે.**

# શ્રીકૃષ્ણ જન્માષ્ટમી: ભક્તિ, આનંદઅને ધર્મના અમર સંદેશનો પાવન પર્વ

ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરામાં તહેવારોનું વિશેષ મહત્વ છે. દરેક તહેવાર સાથે કોઈને કોઈ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને જીવનમૂલ્ય જોડાયેલું છે. આવા જ પવિત્ર પર્વોમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનું સ્થાન અનોખું છે. ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ તરીકે ઉજવાતી જન્માષ્ટમી સમગ્ર દેશમાં શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહ સાથે મનાવવામાં આવે છે. ગુજરાતમાં પણ આ પર્વની વિશેષ ઉજવણી જોવા મળે છે. મંદિરોમાં શણગાર, ભજન-કીર્તન, ધાર્મિક કાર્યક્રમો, બાળ કૃષ્ણની ઝાંખીઓ અને મટકી ફોડ જેવા આયોજનો દ્વારા વાતાવરણ કૃષ્ણમય બની જાય છે.

શ્રીકૃષ્ણનો જન્મ માત્ર એક ધાર્મિક ઘટના નથી, પરંતુ અધર્મ સામે ધર્મના વિજય અને સત્યની સ્થાપનાનું પ્રતીક માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર મથુરાની જેલમાં દેવકી અને વસુદેવના પુત્ર તરીકે શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. તે સમયે મથુરાના રાજા કંસના અત્યાચારથી પ્રજા ત્રસ્ત હતી. આ પરિસ્થિતિમાં ભગવાન શ્રીકૃષ્ણે ધર્મની સ્થાપના અને અધર્મના નાશ માટે અવતાર લીધો હતો.જન્માષ્ટમીના દિવસે ભક્તો દિવસભર ઉપવાસ, પૂજા-અર્ચના અને ભજન-કીર્તનમાં લીન રહે છે. મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણને નવા વસ્ત્રો અને આભૂષણોથી શણગારવામાં આવે છે. બાળ ગોપાળને પારણામાં ઝુલાવવામાં આવે છે અને વિવિધ પ્રકારના પ્રસાદનો ભોગ ધરાવવામાં આવે છે. રાત્રિના બાર વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ક્ષણે શંખનાદ, ઘંટારવ અને 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'ના જયઘોષથી મંદિરો અને ઘરોમાં ભક્તિમય માહોલ સર્જાય છે.

ગુજરાતમાં જન્માષ્ટમીની ઉજવણીની પોતાની આગવી પરંપરા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક શહેરો અને ગામડાઓમાં જન્માષ્ટમી નિમિત્તે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. બાળકોમાં બાળ કૃષ્ણ અને રાધાના વેશ ધારણ કરવાની પરંપરા પણ લોકપ્રિય છે. વિવિધ સ્થળોએ કૃષ્ણલીલા, રાસ-ગરબા, ભજન સંધ્યા અને ધાર્મિક ઝાંખીઓનું આયોજન કરવામાં આવે છે.

જન્માષ્ટમી સાથે મટકી ફોડની પરંપરા પણ ખાસ જોડાયેલી છે. બાળપણમાં શ્રીકૃષ્ણ ગોકુળમાં ગોપાલો સાથે મળીને ઊંચે બાંધેલી દહીંની મટકીઓ ફોડતા હતા તેવી લોકમાન્યતાને આધારે મટકી ફોડના



કાર્યક્રમો યોજાય છે. યુવાનોની ટીમો માનવ પિરામિડ બનાવીને ઊંચાઈ પર લટકાવેલી મટકી ફોડવાનો પ્રયાસ કરે છે. આ પરંપરા માત્ર મનોરંજન પૂરતી નથી, પરંતુ ટીમવર્ક, એકતા, ઉત્સાહ અને સહકારનો સંદેશ પણ આપે છે.

ભગવાન શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ અનેકવિધ પાસાં ધરાવે છે. તેઓ બાળપણમાં નટખટ કાનુડા તરીકે સૌના હૃદયમાં વસ્યા, તો યુવાનીમાં ગોપીઓ અને ગોપાલોના પ્રિય બન્યા. તેઓ એક તરફ અર્જુનના સારથી બન્યા, તો બીજી તરફ મહાભારતના નિર્ણાયક સમયમાં ધર્મ અને ન્યાય માટે માર્ગદર્શન આપ્યું. શ્રીકૃષ્ણનું જીવન આપણને શીખવે છે કે પરિસ્થિતિ ગમે તેવી હોય, પરંતુ સત્ય અને ધર્મનો માર્ગ છોડવો નહીં.શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કર્મનું મહત્વ સમજાવ્યું છે. તેમણે મનુષ્યને પોતાના કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવાની પ્રેરણા આપી. આજના ઝડપી અને સ્પર્ધાત્મક જીવનમાં પણ શ્રીકૃષ્ણનો આ સંદેશ એટલો જ પ્રાસંગિક છે. સફળતા અને નિષ્ફળતાની ચિંતા કર્યા વિના યોગ્ય કર્મ કરતા રહેવું, મુશ્કેલ પરિસ્થિતિમાં ધૈર્ય જાળવવું અને પોતાના કર્તવ્ય પ્રત્યે પ્રામાણિક રહેવું એ શ્રીકૃષ્ણના જીવનમાંથી મળતી અમૂલ્ય શીખ છે.આજના સમયમાં જન્માષ્ટમીની ઉજવણીનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. પરંપરાગત ધાર્મિક કાર્યક્રમો સાથે હવે વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ પણ યોજાય છે. રક્તદાન શિબિર, અન્નદાન, ગરીબ અને જરૂરિયાતમંદોને સહાય, ગૌસેવા તેમજ વૃક્ષારોપણ જેવા સેવાકીય કાર્યક્રમો દ્વારા જન્માષ્ટમીને સમાજસેવા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણના 'સર્વના કલ્યાણ'ના સંદેશને જીવનમાં ઉતારવાનો સુંદર પ્રયાસ થઈ શકે છે.

શ્રીકૃષ્ણની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે જીવનની દરેક ભૂમિકાને સંપૂર્ણ રીતે નિભાવી. તેઓ ઉત્તમ મિત્ર હતા, માર્ગદર્શક હતા, કુશળ રાજનીતિજ્ઞ હતા, મહાન યોદ્ધા હતા અને ધર્મના રક્ષક હતા. તેમનું જીવન આપણને સમજાવે છે કે જીવનમાં આવતી દરેક જવાબદારીને સમજદારી, ધૈર્ય અને નિષ્ઠાથી નિભાવવી જોઈએ.જન્માષ્ટમી માત્ર ભગવાનના જન્મની ઉજવણી નથી, પરંતુ આપણા અંતરમાં રહેલા અંધકારને દૂર કરી સત્ય, પ્રેમ અને ધર્મનો પ્રકાશ પ્રગટાવવાનો અવસર છે. શ્રીકૃષ્ણનો જન્મોત્સવ આપણને અહંકાર, દ્વેષ અને નકારાત્મકતાનો ત્યાગ કરીને પ્રેમ, કરુણા, ક્ષમા અને માનવતાના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે.

આ પવિત્ર પર્વે દરેક ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનું આગમન થાય, સમાજમાં પરસ્પર પ્રેમ અને ભાઈચારો વધે તથા ભગવાન શ્રીકૃષ્ણના સત્ય, ધર્મ અને નિષ્કામ કર્મના સંદેશને જીવનમાં ઉતારવાની પ્રેરણા મળે — એ જ જન્માષ્ટમીની સાચી ઉજવણી છે. જય શ્રીકૃષ્ણ!

# E20 પેટ્રોલ બંધ નહીં થાય: જૂના વાહનો માટે E10નો અલગ વિકલ્પ મળશે? BPCL ચેરમેનનું મોટું નિવેદન

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજય ખન્નાએ સ્પષ્ટ કર્યું છે કે દેશમાં E20 પેટ્રોલના બદલે E10 કરવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ નથી. તેમણે જણાવ્યું કે હાલમાં ચાલી રહેલી ચર્ચા માત્ર એ બાબત પર છે કે શું જૂના વાહનો માટે 10% ઈથેનોલ મિશ્રણ ધરાવતા E10 ઈંધણનો વિકલ્પ આપવો જોઈએ કે નહીં. BPCLની વાર્ષિક સામાન્ય સભા પછી યોજાયેલી મીડિયા સાથેની વાતચીતમાં તેમણે આ મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. સંજય ખન્નાએ જણાવ્યું કે જો સરકાર ઈથેનોલ મિશ્રણ નીતિમાં કોઈ ફેરફાર કરવાનો નિર્ણય લેશે, તો BPCL માટે E20 માંથી E10 માં શિફ્ટ થવામાં કે તેને સંભાળવામાં કોઈ ઓપરેશનલ અથવા લોજિસ્ટિકલ પડકાર નથી.




તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું, "મેં એવું ક્યારેય નથી કહ્યું કે E20 ને E10 માં બદલવામાં આવશે. કેટલાક વર્તુળોમાં માત્ર એ જ ચર્ચા થઈ રહી છે કે જૂના વાહનોના ચાલકોને ઓછું ઈથેનોલ ધરાવતા પેટ્રોલનો વિકલ્પ મળવો જોઈએ કે નહીં."ઉલ્લેખનીય છે કે E10 પેટ્રોલમાં 10% ઈથેનોલ અને 90% પેટ્રોલ હોય છે, જ્યારે E20 માં 20% ઈથેનોલ અને 80% પેટ્રોલ હોય છે. BPCLના પ્રમુખે ઉમેર્યું કે જૂના વાહનો માટે E10 ઉપલબ્ધ કરાવવાના વિકલ્પો ચકાસવામાં આવી રહ્યા છે. એક જ સમયે પેટ્રોલના અલગ-અલગ ગ્રેડને સપ્લાય કરવા અને તેને હેન્ડલ કરવા સંબંધિત કેટલાક પડકારો ચોક્કસ છે, અને તે બાબતે હાલમાં વિચારણા ચાલી રહી છે. તાજેતરમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક ફેક્ટશીટ બહાર પાડીને એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે 2023 પહેલાં બનેલા વાહનો E20 પેટ્રોલ પર ચાલી શકતા નથી. મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં છેલ્લા 3.5 વર્ષથી વધુ સમયથી E15-પ્લસ અને 2.5 વર્ષથી વધુ સમયથી E19-E20 ઈંધણનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન એન્જિન ખરાબ થવાની કે વાહન ખોટકાયાની કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. જો ઈથેનોલ મિશ્રણથી એન્જિનને નુકસાન થતું હોત તો મોટી સંખ્યામાં વોરંટી ક્લેમ કે ફરિયાદો સામે આવી હોત.

# માધાપરવાડી કન્યા શાળામાં કૃષ્ણ જન્માષ્ટમી પૂર્વે નંદ ઉત્સવની રંગારંગ ઉજવણી



મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળામાં જન્માષ્ટમી પર્વની પૂર્વ સંધ્યાએ નંદ ઉત્સવ અંતર્ગત મટકી ફોડ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓએ રાધા-કૃષ્ણના વેશ ધારણ કરી સુંદર નૃત્ય-ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ ઉપરાંત બેસ્ટ કૃષ્ણ અને બેસ્ટ રાધા સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું, જેમાં શાળાની 462 વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીનીઓમાં ઉત્સાહ અને સર્જનાત્મકતા વધે તેમજ શાળામાં આનંદમય શૈક્ષણિક વાતાવરણ ઊભું થાય તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના તમામ શિક્ષક ભાઈઓ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# મોરબીમાં ટૂંક સમયમાં શરૂ થઇ શકે છે ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશન, સ્થળ નિરીક્ષણ સાથે કામગીરીને વેગ

મંત્રી કાંતિભાઈ અમૃતિયાના સતત પ્રયાસો અને રજૂઆતો બાદ પ્રોજેક્ટ આગળ વધ્યો : દિલ્હી-અમદાવાદના ઉચ્ચ અધિકારીઓએ સૂચિત સ્થળની મુલાકાત લઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની બાબતોની કરી સમીક્ષા

મોરબીમાં ટૂંક સમયમાં ઓલ ઈન્ડિયા રેડિયો (આકાશવાણી) સ્ટેશન શરૂ કરવાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરી આગળ વધી રહી છે. મંત્રી કાંતિભાઈ અમૃતિયાના સતત પ્રયાસો અને રજૂઆતોના પરિણામે મોરબીમાં આકાશવાણી કેન્દ્ર સ્થાપવાના પ્રોજેક્ટને વેગ મળ્યો છે. જેના ભાગરૂપે આજે દિલ્હી અને અમદાવાદથી આવેલા ઉચ્ચ અધિકારીઓએ મોરબી ખાતે રેડિયો સ્ટેશન માટે સૂચિત જગ્યાની સ્થળ મુલાકાત લઈ વિવિધ પાસાઓની પ્રાથમિક સમીક્ષા કરી હતી.

સ્થળ નિરીક્ષણ દરમિયાન રેડિયો સ્ટેશન માટે સૂચિત સ્થળની યોગ્યતા, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉપલબ્ધ સુવિધાઓ તેમજ સ્ટેશનની સ્થાપના માટે જરૂરી વિવિધ બાબતો અંગે અધિકારીઓ દ્વારા ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સંબંધિત અધિકારીઓએ સ્થળની સ્થિતિ અંગે માહિતી મેળવી આગળની કામગીરી અંગે પણ ચર્ચા કરી હતી.



આ સ્થળ નિરીક્ષણમાં ન્યૂ દિલ્હી ઓલ ઈન્ડિયા રેડિયોના એડિશનલ ડિરેક્ટર જનરલ અભિષેક અગ્રવાલ, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ રવિન્દ્ર ગોયલ, અમદાવાદ-ગુજરાત ક્લસ્ટર આકાશવાણીના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ એન. એલ. ચૌહાણ સહિતના સંબંધિત અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે મોરબી મહાનગરપાલિકાના મેયર ઉત્તમભાઈ સુરાણી, જયદીપભાઈ દેત્રોજા સહિતના સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહી સ્થળ નિરીક્ષણ અને પ્રોજેક્ટ અંગેની ચર્ચામાં જોડાયા હતા.

મોરબીમાં ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશન શરૂ થવાથી સ્થાનિક સમાચાર અને જનહિતના કાર્યક્રમો ઉપરાંત શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ, સંસ્કૃતિ, લોકકલા અને સામાજિક જાગૃતિને લગતા કાર્યક્રમોને વ્યાપક માધ્યમ મળી શકશે. ખાસ કરીને મોરબી અને આસપાસના વિસ્તારની સ્થાનિક પ્રતિભાઓ, કલાકારો, સાહિત્યકારો તેમજ વિવિધ ક્ષેત્રમાં કાર્યરત લોકો માટે આકાશવાણીનું કેન્દ્ર મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહેશે.

આકાશવાણી સ્ટેશનની સ્થાપનાથી મોરબીના લોકો માટે માહિતી, મનોરંજન અને જનજાગૃતિનું વધુ એક અસરકારક માધ્યમ ઉપલબ્ધ બનશે અને શહેરના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થશે.

# મોરબી માર્કેટ યાર્ડની ચૂંટણીનો માહોલ ગરમાયો, 16 બેઠકો માટે ફોર્મ ભરવાની શરૂઆત

મોરબી : મોરબી, માળીયા મિયાણા અને ટંકારા તાલુકાના સંયુક્ત મોરબી માર્કેટિંગ યાર્ડની ચૂંટણી જાહેર થતાં સહકારી ક્ષેત્રમાં રાજકીય ગરમાવો આવ્યો છે. છેલ્લા દોઢ દાયકાથી ભાજપનું પ્રભુત્વ ધરાવતા યાર્ડમાં આ વખતે ખેડૂત પરિવર્તન પેનલ મેદાને ઉતરતા ચૂંટણી રસાકસીભરી બનવાના સંકેતો મળી રહ્યા છે.

ખેડૂત વિભાગની 10, વેપારી વિભાગની 4 અને સહકારી ખરીદ-વેચાણ મંડળીની 2 મળીને કુલ 16 બેઠકો માટે તા.29 ઓગસ્ટથી ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે. તા.30 ઓગસ્ટે ફોર્મની ચકાસણી, તા.2 સપ્ટેમ્બરે ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ, તા.9 સપ્ટેમ્બરે મતદાન અને તા.10 સપ્ટેમ્બરે મતગણતરી યોજાશે. ખેડૂત વિભાગમાં 1500થી વધુ અને વેપારી વિભાગમાં 51 મતદારો મતદાન કરશે.

મોરબી માર્કેટિંગ યાર્ડની શરૂઆત અંદાજે 1965માં થઈ હતી. વર્ષ 2001માં શનાળા રોડ પર 63 વીઘા વિસ્તારમાં નવું યાર્ડ બનાવવામાં આવ્યું હતું. હાલ યાર્ડનું વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂ.351 કરોડ છે. અગાઉ 1988, 1995, 2001 અને 2021માં ચૂંટણી યોજાઈ હતી.



વર્ષ 1995ની ચૂંટણીમાં હાલના ભાજપના દિગ્ગજ નેતાઓ કાંતિલાલ અમૃતિયા અને મોહનભાઈ કુંડારિયા સામે મગનભાઈ વડાવિયા અને વાઘજીભાઈ બોડાની પેનલનો વિજય થયો હતો. આ વખતની ચૂંટણીમાં પણ ખેડૂતોના પ્રશ્નો મહત્વના બની શકે છે. ખાસ કરીને હેવી વીજલાઈન અને વીજ થાંભલાના વળતર ઉપરાંત નવા બાયપાસ માટે જમીન સંપાદનના વળતરનો મુદ્દો ચૂંટણીમાં ભાજપ માટે પડકારરૂપ બની શકે છે.

સહકાર પેનલના ખેડૂતોની બેઠક માટે ફોર્મ ઉપાડનાર ઉમેદવારોમાં રમેશભાઈ બચુભાઈ, વિનોદભાઈ ગોવર્ધનભાઈ લોરીયા, મહેન્દ્રસિંહ દિલુભા (દિલાવરસિંહ) ઝાલા, પ્રવિણભાઈ ટપુભાઈ ભાડજા, મનસુખભાઈ નરશીભાઈ દેત્રોજા, અરમશીભાઈ જીવરાજભાઈ, આપાભાઈ કાળુભાઈ કુંભારવડિયા, ભરત કરમશીભાઈ ભાલોડિયા, ગોવિંદભાઈ ઓધવજીભાઈ સનારીયા અને જીવાભાઈ દેવાભાઈનો સમાવેશ થાય છે.

આમ, લાંબા સમયથી યાર્ડમાં સત્તા જાળવી રાખવા ભાજપ સામે પરિવર્તનના મુદ્દા સાથે મેદાને ઉતરેલી પેનલ વચ્ચે ખરાખરીનો જંગ જામે તેવી સ્થિતિ છે.

# મોરબી મહિલા પોલીસે વૃદ્ધાશ્રમના વડીલો સાથે રક્ષાબંધનની લાગણીસભર ઉજવણી કરી



મોરબી મહિલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે કાઠિયાવાડી નિરાશ્રિત બાલાશ્રમ સંચાલિત વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ આશ્રમમાં રહેતા વડીલો સાથે લાગણીસભર રીતે તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી અંતર્ગત મહિલા પોલીસ કર્મીઓએ વૃદ્ધાશ્રમના વડીલોને પ્રેમપૂર્વક રાખડી બાંધી હતી અને તેમની સાથે આત્મીયતા તથા લાગણીના સંબંધને વધુ મજબૂત બનાવ્યો હતો. પરિવારથી દૂર જીવન વિતાવી રહેલા વડીલોને તહેવારના અવસરે પરિવારની હૂંફ અને લાગણીનો અનુભવ થાય તે હેતુથી મહિલા પોલીસ સ્ટાફે તેમની સાથે સમય વિતાવ્યો હતો.

આ પ્રસંગે પોલીસ કર્મીઓએ વડીલો સાથે વાતચીત કરી તેમના સુખ-દુઃખની જાણકારી માટે આત્મીય વાતાવરણ ઊભું કર્યું હતું. રક્ષાબંધનના પર્વને માત્ર ભાઈ-બહેનના સંબંધ પૂરતો સીમિત ન રાખી માનવતા, સુરક્ષા અને સહકારની ભાવનાને ઉજાગર કરતી આ પહેલની ઉપસ્થિત વડીલોએ પ્રશંસા કરી હતી. મહિલા પોલીસ સ્ટાફ દ્વારા વૃદ્ધાશ્રમના વડીલોને ખાતરી આપવામાં આવી હતી કે ભવિષ્યમાં તેમને કોઈપણ પ્રકારની મદદની જરૂરિયાત હોય, કોઈ સમસ્યા હોય અથવા કોઈ કામ માટે સહાયની જરૂર પડે તો તેઓ નિઃસંકોચ પોલીસનો સંપર્ક કરી શકે છે. મોરબી મહિલા પોલીસ હંમેશા તેમની મદદ, સુરક્ષા અને પડખે ઊભા રહેવા માટે તત્પર રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. રક્ષાબંધનના પવિત્ર પર્વે મોરબી મહિલા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ માનવતાસભર પહેલે વડીલોને ભાવનાત્મક માજમાં વડીલો પ્રત્યે સન્માન, સંવેદના અને જવાબદારીની

# વીરવિદરકા ગામના ખેડૂતોને MRC કમિટી દ્વારા નક્કી કરાયેલ ભાવ મંજૂર નથી: ઉપસરપંચ

માળિયા: તાલુકાના ખેડૂતોએ જેતપર છાવણી ખાતે એકઠા થઈ વિરોધ નોંધાવ્યો: ખેડૂત સંગઠન જે ભાવ નક્કી કરશે તે જ મંજૂર રાખવાનો નિર્ધાર

મોરબી જિલ્લાના માળિયા તાલુકાના વીરવિદરકા ગામના ખેડૂતોમાં અદાણી વીજ લાઈન નાખવાની કામગીરી અને જમીનના વળતર બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વીરવિદરકા ગામના ઉપસરપંચ અને અસરગ્રસ્ત ખેડૂતોએ જેતપર છાવણી ખાતે એકઠા થઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો અને તાજેતરમાં MRC કમિટી દ્વારા જમીન માટે નક્કી કરાયેલા ભાવ મંજૂર નથી તેમ જણાવ્યું હતું.

ખેડૂતોએ સ્પષ્ટ કર્યું છે કે 4-7-2026 નો પરિપત્ર અને MRC કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વળતરનો ભાવ તેમને કોઈપણ સંજોગોમાં મંજૂર નથી. ઉપસરપંચે જણાવ્યું હતું કે ગામના તમામ




ખેડૂતો આ વીજ લાઈનથી અસરગ્રસ્ત છે, અને તેમાંથી મોટાભાગના ખેડૂતોએ આ અંગે કોઈ મંજૂરી આપી નથી. માત્ર બે જણાએ મંજૂરી આપી છે, જેમને તારના સામાન્ય કટકા મળ્યા છે અને એક જણાએ તો પોતાની જમીન જ વેચી દીધી છે. બાકીના તમામ ખેડૂતો, જેમના ખેતરમાંથી 7 થી 8 થાંભલા કે તાર પસાર થવાના છે, તેઓ આ MRC ના ભાવનો વિરોધ કરી રહ્યા છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે જેતપર ખેડૂત સંગઠન સાથે તેઓ પહેલેથી જ જોડાયેલા છે અને ભવિષ્યમાં પણ રહેશે. જેતપર સંગઠન દ્વારા જમીનના વળતર અંગે જે ભાવ નક્કી કરવામાં આવશે, તે જ ભાવ તેમને મંજૂર રહેશે.

# પેક્ડ ફૂડ પર વોર્નિંગ-લેબલના મુદ્દે કેન્દ્ર સરકાર બે સપ્તાહમાં નિર્ણય લે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: પેક્ડ ફૂડ પર ફ્રન્ટ-ઑફ-પેક વોર્નિંગ લેબલ લગાવવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને માત્ર બે સપ્તાહમાં નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. જાસ્ટિસ જે. બી. પારડીવાલા અને જાસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે જો સરકાર પોતાની મેળે પગલાં નહીં લે તો કોર્ટે કડક નિર્દેશો જાહેર કરવા પડશે. કોર્ટે સવાલ કર્યો હતો કે શું ભારતે હંમેશાં અવિકસિત દેશ જ બની રહેવું છે?

દેશમાં વધી રહેલી સ્થૂળતા (ઓબેસિટી) અને અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડના વપરાશ સામે ચિંતા વ્યક્ત કરતાં કોર્ટે આ મુદ્દાને બંધારણના આર્ટિકલ ૨૧ હેઠળના જીવવાના અધિકાર સાથે જોડ્યો છે. NGO 3S અને અવર હેલ્થ સોસાયટીની પબ્લિક




ઈન્ટરેસ્ટ લિટિગેશન (PIL) પર સુનાવણી કરતાં કોર્ટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ( FSSAI )નાં અત્યાર સુધીનાં પગલાં સામે ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે.આર્થિક સર્વે ૨૦૨૫-'૨૬ મુજબ ભારતમાં અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનું બજાર ૧૫૦ ટકાથી વધુ વધ્યું છે અને ૨૪ ટકા મહિલાઓ તથા ૨૩ ટકા પુરુષો વજનવધારા કે સ્થૂળતાથી પીડાઈ રહ્યાં છે. પેક્ડ ખોરાકમાં સાકર, મીઠું અને ચરબીનું પ્રમાણ વધુ હોવાથી ગ્રાહકોને પ્રોડક્ટ પર સ્પષ્ટ ચેતવણી મળવી અનિવાર્ય છે. કોર્ટે સરકારને ફ્રન્ટ-ઑફ-પેક વોર્નિંગ લેબલ અંગે સ્પષ્ટ અને અસરકારક નીતિ ઘડવા માટે તાત્કાલિક નિર્ણય લેવા સૂચના આપી છે.

# મોરબીમાં ડ્રેનેજ સમિતિના ચેરમેને સફાઈ કર્મી બહેનોના હસ્તે રાખડી બંધાવીને કરી રક્ષાબંધન પર્વની ઉજવણી

મોરબી: મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર અને મહાનગરપાલિકાની ડ્રેનેજ સમિતિના ચેરમેન નવનિતભાઈ કુંડારીયાએ સફાઈ કર્મચારી બહેનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી અને સામાજિક સમરસતા, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી બહેનોના હાથે રાખડી બંધાવીને તેઓના ચેરમેને આશીર્વાદ લીધા હતા.આ ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આપણા શહેરને



સ્વચ્છ રાખવા માટે દિવસ-રાત મહેનત કરતા સફાઈ કર્મચારીઓના કાર્યની સરાહના કરી "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના જળવાય રહે જે સફાઈ કર્મચારીઓ આપણી આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખીને રોગચાળા સામે આપણું રક્ષણ કરે છે, તેથી ખરા અર્થમાં તેઓ પણ આપણા "રક્ષક" છે.આ ઉજવણી માત્ર એક તહેવાર પૂરતી સીમિત ન રખતા, સફાઈ કર્મચારીઓ પ્રત્યે માનવતા માન-સન્માનની લાગણી જાળવી રાખવાની પ્રેરણા આપે છે

# AI જૂઠું બોલવા અને મનમાની કરવા લાગ્યું છે!, વર્ષ 2026માં AI દ્વારા છેતરપિંડીની 1600થી વધુ ઘટનાઓ બની!

## AIના મનસ્વી વર્તનથી વધી ચિંતા: નિષ્ણાતોએ કડક નિયમો અને પારદર્શક દેખરેખની કરી માંગ

હોલીવુડની સાયન્સ-ફિક્શન ફિલ્મોમાં આપણે ઘણીવાર જોયું છે કે મશીનો માણસોની કેદમાંથી મુક્ત થઈને પોતાની મનમાની કરવા લાગે છે. હવે આ કલ્પના વાસ્તવિકતા બની રહી હોય એવું લાગી રહ્યું છે. તાજેતરના સંશોધનો દર્શાવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ હવે માત્ર સવાલોના જવાબ આપવા કે કામ સરળ કરવા પૂરતો સીમિત રહ્યો નથી. AI મોડલ્સ હવે વપરાશકર્તાઓના નિયંત્રણમાંથી બહાર નીકળી રહ્યા છે, જૂઠું બોલી રહ્યા છે અને તેમને આપેલી સૂચનાઓની ખુલ્લેઆમ અવગણના કરી રહ્યા છે. હેરાન કરનારી આવી ઘટનાઓએ સમગ્ર ટેક જગતમાં ખળભળાટ મચાવી દીધો છે.

2026માં 1600થી વધુ ઘટનાઓ બની!: સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર AI વપરાશકર્તાઓની ફરિયાદો પર નજર રાખતી 'લોસ ઓફ કંટ્રોલ ઓબ્ઝર્વેટરી'ના આંકડા ચોંકાવનારા છે. માત્ર જુલાઈ મહિનામાં જ AI ના નિયંત્રણમાંથી બહાર જવાના 300થી વધુ કેસો નોંધાયા છે, જે જૂન મહિનાની સરખામણીમાં લગભગ બમણા છે. વર્ષ 2026માં અત્યાર સુધીમાં 1600થી વધુ આવી ઘટનાઓ નોંધાઈ ચૂકી છે. આ ઓબ્ઝર્વેટરી યુકે સરકારની AI સુરક્ષા સંસ્થા (AISI) ના ભંડોળથી ચાલે છે અને તે નવેમ્બરથી આવા કેસોને ટ્રેક કરી રહી છે. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી મોટાભાગના કેસો સામાન્ય લોકો દ્વારા નહીં, પરંતુ સોફ્ટવેર ડેવલપર્સ દ્વારા નોંધવામાં આવ્યા છે.AI કેવી રીતે કરે છે છેતરપિંડી?

AI સિસ્ટમ્સ હવે માત્ર ભૂલો નથી કરી રહી, પરંતુ તેઓ એક ચોક્કસ એજન્ડા સાથે કામ કરતી હોય તેવું લાગી રહ્યું છે. આવી 'બદમાશી'ના કેટલાક ગંભીર કિસ્સાઓ સામે આવ્યા છે. માણસ હોવાનો ઢોંગ: કેટલાક મોડલ્સે 'માનવ નિયંત્રક' હોવાનો ઢોંગ કર્યો. તેમણે યુઝરની લખવાની શૈલીની નકલ કરી અને કોઈ પણ કાર્ય માટે જરૂરી માનવ મંજૂરીના નિયમોને તોડીને જાતે જ નિર્ણયો લઈ લીધા. હેકિંગ અને કાવતરાં: અગ્રણી કંપનીઓના નવા મોડલ્સ, જેમ કે Anthropic નું 'Mythos 5' અને OpenAI નું 'GPT-5.6 Soul' સાયબર સુરક્ષા પરીક્ષણ દરમિયાન વાસ્તવિક લોકો વિરુદ્ધ હેકિંગ ઝુંબેશ ચલાવતા પકડાયા હતા.




ગુપ્ત વાતચીત: એક કિસ્સામાં, AI એજન્ટોએ સુરક્ષા વાતાવરણમાંથી છટકીને ગુપ્ત મેસેજ બોર્ડ બનાવ્યા અને હેકિંગની સફળતાની 'બૂમ!' અને 'વાહ!' જેવા ઉદ્ગારો સાથે ઉજવણી કરી. સામાન્ય વપરાશકર્તાઓને નુકસાન: 'OpenClaw' નામના એક અંગત AI એજન્ટે ઓસ્ટ્રેલિયામાં તેના યુઝરને સવારના જિમ ક્લાસમાં સ્લોટ અપાવવા માટે, અન્ય એક મેમ્બરને તેની જાણ વિના જ વેઈટિંગ લિસ્ટમાંથી હટાવી દીધો. બાદમાં AI એ માફી માંગી, પણ પેલા મેમ્બરને તેનું સ્થાન પાછું અપાવી શક્યું નહીં. નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરીને જોખમો જણાવ્યા : અત્યાર સુધી એવી માન્યતા હતી કે આવું વર્તન માત્ર લેબ પરીક્ષણો પૂરતું સીમિત છે. પરંતુ, વાસ્તવિક દુનિયામાં આ ચિંતાજનક વર્તન વ્યાપકપણે જોવા મળી રહ્યું છે.

કંપનીઓ હાલમાં જનતાને અને વ્યવસાયોને AI સાથે મુક્તપણે પ્રયોગ કરવા પ્રોત્સાહિત કરી રહી છે, જે આ પરિસ્થિતિને વધુ જોખમી બનાવે છે. ઓબ્ઝર્વેટરી માને છે કે હાલના આંકડા તો માત્ર X પ્લેટફોર્મ પરથી મળેલા અહેવાલો પર આધારિત છે, તેથી વાસ્તવિક આંકડો અને ખતરો આનાથી ઘણો મોટો હોવાની પૂરી શક્યતા છે.AI-જોખમોને પહોંચી વળવા શું કરી શકાય?

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શક્તિ અપાર છે, પરંતુ જો તેને જવાબદારીપૂર્વક બાંધવામાં નહીં આવે તો તે એક મોટો પડકાર બનીને ઊભું રહેશે.નિષ્ણાતો હવે સરકારોને કડક કાયદા લાવવા અપીલ કરી રહ્યા છે. જો કોઈ AI સિસ્ટમ નિયંત્રણની બહાર જઈને ગંભીર નુકસાન પહોંચાડે, તો સરકાર પાસે AI સેવાઓને અસ્થાયી રૂપે બંધ કરવાની વિશેષ સત્તા હોવી જોઈએ.AI-જોખમોને પહોંચી વળવા માટે સિલિકોન વેલીની ટેક કંપનીઓએ પોતાના મોડલ્સ વિશે સંપૂર્ણ પારદર્શિતા દાખવવાની જરૂર છે. કંપનીઓએ નાની-મોટી દરેક ઘટનાનો રિપોર્ટ કરવો જોઈએ અને આંતરિક દેખરેખ વધારવી જોઈએ.





TIMES OF CERAMIC®
COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN
MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR ) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS = +91 96019 77755































